જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨/૪/૨૦૧૪ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૮૯૩/૧૪**

**વટવા પો.સ્ટે. :-**

વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૬૪૫/૨૦૧૪ ઇ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬,૩૭૬,તથા ધી પ્રોટેક્શન ઓફ ચીલ્ડ્રન ફ્રોર્મ સેક્યુઅલ ઓફેન્સીસ એક્ટ ૨૦૧૨ ની કલમ ૩,૪ મુજબના કામના આરોપી ખુમેશ @ ખુમન@બીટ્ટુ S/O ભગતસિંગ ચંદ્રસિંગ થાપા (નેપાલી) ઉ.વ ૨૩ રહેવાસી પરેશભાઇના બંગલામા વણજારાવાસની પાછળ નારોલ અમદાવાદ શહેર નાને તથા સાહેદ છોકરી નાઓને અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાંચ એબ્સકોન્ડર સ્કોડના મ.સ.ઇ શ્રી આર.આર.ત્રીપાઠી બ.નં.૭૧૨૯ નાઓએ હે.કો.હીતેન્દ્રસિંહ ખોડુભા બ.નં ૮૦૯૨ નાઓને મળેલ બાતમી આધારે સ્કોડના માણસો સાથે ગીતા મંદીર એસ.ટી. સ્ટેન્ડ સર્કેલ પાસેથી પકડી આરોપીને C.R.P.C. 41(1) આઇ મુજબ તા: ૦૧.૦૪.૨૦૧૪ ના ક.૧૨.૦૦ વાગે અટક કરી અત્રે સોંપતા અત્રેના પો.સ્ટે.ના સેકન્ડ પો.ઇન્સ. શ્રી ડી.બી.પરમાર નાઓએ ઉપરોક્ત ગુનાના કામે તા ૦૧/૦૪/૧૪ ના ક.૧૬/૧૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**ક્રાઇમ બ્રાન્ચ :-**

**(૧)**

પોલીસ ઇન્સ. શ્રી બી.પી. રોજીયા, તથા તેઓનાં સ્કોડનાં માણસોએ પેટ્રોલીગ દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે નરોડા બેઠક પાસેથી આરોપી પરેશ S/O અરૂણભાઇ ચુનીલાલ જાતે મોદી ઉ.વ.૨૮ રહે, ૧૦, હરીહર સોસાયટી, કુમારશાળાની પાસે નરોડા અમદાવાદ શહેર નાનો પોતાના કબજામાં એક હીરો હોન્ડા સીડી ડિલક્ષ મોટર સાયકલ નં. GJ-1-AM-9798 જેનો ચેસીસ નં. 07A23F62177 તથા એન્જીન નં. 07A22E 31594 જેની કિ.રૂ.૨૫,૦૦૦/- નું ચોરી અગર છળકપટથી મેળવી મળી લઇ જતાં મળી આવતાં સદરી આરોપીને ડી.સી.બી. પો. સ્ટેશન સ્ટે.ડા.એન્ટ્રી. નં.૧૧/૧૪ તા.૦૧/૦૪/૨૦૧૪ સી.આર.પી.સી. ક્લમ:-૪૧(૧) ડી મુજબનાં કામે તા.૦૧/૦૪/૨૦૧૪ નાં કલાક ૧૫/૧૫ વાગે પકડી અટક કરી નરોડા પોલીસ સ્ટેશનનાં I ગુ.ર.નં.૬૯૩/૨૦૧૩ ઇ.પી.કો. કલમ:-૩૭૯ મુજબ ગુન્હો ડીટેક કરવામા આવેલ છે.

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારુ ઉપરી પોલીસ અધિકારીશ્રીઓએ આપેલ સુચના અનુસંધાને પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.બી.રાણા તથા પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા પો.સ.ઇ.શ્રી એચ.પી.કરેણ સ્ટાફના માણસોએ **અગાઉ રિઢા ઘરફોડ ચોર વિરપાલ ઉર્ફે બબલુ શંભુદયાલ સકસેનાને તથા તેના બે સાગરિતોને ઝડપી લઇ મેઘાણીનગર પોલીસ સ્ટેશનનો ઘરફોડ ચોરીનો ગુનો ડિટેક્ટ કરેલ હતો** અને આ ગુનાના વોન્ટેડ મુખ્ય આરોપી હાકિમસિંગ ઉર્ફે કાળીયાની તપાસમાં હતા દરમ્યાંન આજરોજ માણેકચોક ચાંદલા પોળના નાકે આવતાં સાથેના પો.કો.અમીત જીસાહેબ નાઓને મળેલ બાતમી આધારે **આરોપી હાકીમસિંગ ઉર્ફે કાલીયા ઉર્ફે વિનોદ ઉર્ફે અશોક ઉર્ફે અસ્લમ બૈજનાથસિગ કુસ્વાહ (ઠાકુર) ઉ.વ.૩૦ ધંધો.મજુરી રહેવાસી.પ્રિતમસિગની ચાલી, ભાર્ગવરોડ ભગવતી સ્કુલની પાછળ, મેઘાણીનગર, અમદાવાદ તથા નવા રામનગર, બચુભાઇનો કુવો વટવા અમદાવા શહેર મુળ વતન ગામ.ગોરનકાપુરા તા.ઔરૈયા થાના.સેસો જિલ્લા ઇટાવા ઉતરપ્રદેશ તથા તેના સાગરિત રુપલાલ ઉર્ફે આરપી પ્રભુદાસ દિવાકર રહે.મ.નં.૬૦, પરમેશ્વર પાર્ક, નિષ્કલંક સોસાયટીની પાસે, વટવા, અમદાવાદ નાઓને** માણેકચોક ચાંદલા પોળના નાકેથી આજરોજ ઝડપી લઇ તેઓની ઝડતીમાંથી **સોનાના દાગીના કુલ કિં.રુ.૩,૧૦,૦૦૦/** ના આશરાનો મુદ્દામાલ કબજે કરી આરોપીઓને અટક કરવામાં આવેલ છે.સદરી આરોપીઓ ની વધુ પુછપરછ કરતા **મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા ત્રણેક મહિનામાં ચાર જેટલા ઘરફોડ ચોરીના ગુનાઓ આચરેલ હોવાનું કબુલ કરેલ છે.**

સદરી હાકિમસિંગ ઉર્ફે કાળીયો સને-૨૦૦૮ થી ગુનાની શરુઆત કરી આજદીન સુધીમાં અમદાવાદ શહેરમાં પુર્વ વિસ્તારમાં આવેલ જુદા જુદા પોલીસ સ્ટેશનમાં **આશરે ત્રીસેક જેટલા ઘરફોડ ચોરીના ગુનાઓમાં પકડાયેલ છે** તેમજ આ ગુનાઓ સબબ તેને પાસા અટકાયતમાં પણ રાખેલ હતો.**અગાઉ ભુજથી મુદતે આવતો હતો તે દરમ્યાંન પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ હતો ભુજ જેલમાંથી છુટીને છેલ્લા ત્રણેક માસના સમયગાળામાં તેણે મેઘાણીગર પો.સ્ટે.વિસ્તારમાં ચારેક ઘરફોડ ચોરીઓ કરેલ છે.**

ઉપરોક્ત રુપાલાલ ઉર્ફે આરપી દિવાકર અગાઉ ગાંધીનગર તેમજ અમદાવાદ શહેરમાં આઠેક જેટલા બોગસ માર્કશીટ બનાવવાના ગુનાઓમાં પકડાયેલ છે.અને છેલ્લા ચાર મહિનાથી હાકિમ કાળીયા સાથે રહી ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં મદદ કરે છે.આરોપીઓની વધુ પુછપરછ જારી છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.